# Martha's Rule: જો તમને ચિંતા હોય કે કોઈની સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે તો અમારી સાથે વાત કરો.

**તમે તમારી જાતને અને તમે જેની કાળજી લો છો તે લોકોને કોઈ અન્ય કરતાં વધુ સારી રીતે જાણો છો. સંભાળ ટીમના ધ્યાનમાં આવે તે પહેલાં તમે નાનામાં નાના ફેરફારો જોઈ શકો છો. આ ફેરફારો વધુ બગડવાના પ્રારંભિક ચેતવણી ચિહ્નો હોઈ શકે છે.**



## Martha's Rule શું છે?

વધુ બગડવાના કોઈપણ અણધાર્યા સંકેતોને વહેલા શોધવામાં મદદ કરવા માટે અમે Martha's Rule રજૂ કર્યો છે. જો તમને ચિંતા હોય કે કોઈની સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે, તો Martha's Rule તમને ઝડપી સમીક્ષાની વિનંતી કરવાનો અધિકાર આપે છે.

## અમે દર્દીઓનું નિરીક્ષણ કેવી રીતે કરીએ છીએ

જ્યારે કોઈ હોસ્પિટલમાં હોય છે, ત્યારે અમે નિયમિતપણે તેમના બ્લડ પ્રેશર, તાપમાન અને અન્ય મહત્વપૂર્ણ આરોગ્ય માપનો તપાસીએ છીએ. અમે આ તપાસ કેટલી વાર કરીએ છીએ તે તેમની વ્યક્તિગત સ્થિતિ અને જરૂરિયાતો પર આધાર રાખે છે. કેટલીકવાર આ તપાસ કરવા માટે અમારે દર્દીઓને જગાડવાની જરૂર પડી શકે છે. આ ઉપરાંત, અમે લગભગ દરરોજ પૂછીશું કે  તેઓ સારું અનુભવી રહ્યા છે કે ખરાબ. આ તેમની સ્થિતિમાં કોઈપણ અણધાર્યા ફેરફારોનું નિરીક્ષણ કરવા માટે છે.



## તમારી ભૂમિકા મહત્વપૂર્ણ છે

વધુ બગડવાના પ્રારંભિક સંકેતો શોધવામાં અમારી મદદ કરવા માટે, કૃપા કરીને અમને જણાવો કે શું તમે નીચેના વિશે ચિંતિત છો:

- તાપમાનમાં ફેરફાર - વધુ ગરમી કે વધુ ઠંડી લાગવી
- ત્વચામાં કોઈ ફેરફાર હોય, ઉદાહરણ તરીકે તે નિસ્તેજ હોય અથવા ફોલ્લીઓ હોય (કાળી અથવા ભૂરી ત્વચા પર આ જોવાનું મુશ્કેલ હોઈ શકે છે), અથવા ચાંદા કે ફોલ્લા હોય
- વધુ બગાડતો દુ:ખાવો
- ઓછી ઉર્જા અથવા અસામાન્ય રીતે ઊંઘ આવવી
- તરસ લાગવી અથવા ઓછી વાર પેશાબ કરવો
- શ્વાસ લેવામાં ફેરફાર
- અસામાન્ય મૂંઝવણ
- અન્ય કોઈ બાબત જેનાથી તમે ચિંતિત હોવ

આ ફેરફારો વિશે અમારા સ્ટાફને જણાવવાથી અમને વધુ બગડવાનું વહેલાસર ઓળખવામાં મદદ મળી શકે છે જેથી અમે વધુ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓને રોકવા માટે પગલાં લઈ શકીએ.

## જો તમે ચિંતિત હોવ તો શું કરવું

1 તમારી અથવા તમે જેની સંભાળ રાખો છો તે વ્યક્તિની સંભાળ રાખતી ટીમ સાથે વાત કરો.
2 જો તમે હજુ પણ ચિંતિત હોવ અને તમને લાગે કે સંભાળ ટીમ તમારી ચિંતાઓનો ઉકેલ લાવી રહી નથી, તો ઝડપી સમીક્ષા માટે કૉલ કરો. આ કેવી રીતે કરવું તે સ્ટાફના કોઈપણ સભ્યને પૂછો અથવા ફોન નંબર ધરાવતા અમારા Martha’s Rule પોસ્ટરો જુઓ.

તમારી વિનંતી અમારી હોસ્પિટલની એક અલગ ટીમને મોકલવામાં આવશે જે ખૂબ જ બીમાર દર્દીઓની સંભાળ રાખવામાં નિષ્ણાત છે. તેઓ કોઈપણ જરૂરી સારવાર અથવા વધુ સમીક્ષા ગોઠવવા માટે તમારી અને તમારી સંભાળ ટીમ સાથે કામ કરશે. આ સેવા અઠવાડિયાના 7 દિવસ, 24 કલાક ઉપલબ્ધ છે.

## અમારી પ્રતિબદ્ધતા

અમે નિયમિતપણે તમારા મંતવ્યો માંગીશું અને તમારી ચિંતાઓને ગંભીરતાથી લઈશું. અમે તમને તમારી સંભાળમાં સાથીદાર તરીકે જોઈએ છીએ અને ઇચ્છીએ છીએ કે તમે તમારી કોઈપણ ચિંતાઓ અને સમસ્યાઓ વિશે વાત કરો.

**Martha’s Rule વિશે વધુ જાણવા માટે અહીં સ્કેન કરો.**

martha’s rule
detecting deterioration

**તમે અમને પરેશાન નથી કરી રહ્યા - અમે તમારી પાસેથી સાંભળવા માંગીએ છીએ.**